શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

DR. VIRAMBHAI RAJABHAI GODHANIYA GIRLS' COLLEGE PORBANDAR

# જ્યોતિર્ગમય

દ્વિમાસિક મુખપત્ર

To, ____________________

મુખ્ય સંપાદક : ડૉ. અનુપમ આર. નાગર
પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College,
Porbandar.
મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યું.
વર્ષ : ૭- અંક:૪૮ ઓકટો./નવે.-૨૦૧૬ (૯૦૯૯૯૭૮૧૨૭)

## ૧) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં 'સ્વચ્છતા અભિયાન' સાથે ગાંધી જયંતિની ઉત્સાહભેર ઉજવણી :-

પોરબંદર ખાતેની ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં તા. ૦૨-ઓકટોબરના રોજ રાષ્ટ્રપિતા ગાંધીબાપુની ૧૪૭મી જન્મજયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. જેમાં પૂજ્ય ગાંધીબાપુને આદરપૂર્વક શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.




ગાંધીજયંતિના અનુસંધાને તા. ૦૧ - ઓકટોબરના રોજ ગાંધીજયંતિની પૂર્વ પ્રભાતે મહિલા કોલેજમાં કાર્યરત એન.એસ.એસ. વિભાગ દ્વારા પૂજ્ય ગાંધીબાપુને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાના ઉદ્દેશ્યથી એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કુ. દેવડયા ફોરમે પ્રાર્થના રજૂ કર્યા બાદ સંસ્થાના પ્રિન્સિપાલશ્રી નાગરસાહેબે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે તા. ૦૨-ઓકટોબર



ભારતના ઈતિહાસમાં મહત્વપૂર્ણ દિવસ છે અને સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે મનાવવામાં આવે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ગાંધીજી મારા જીવનમાં હંમેશા આદર્શ રહ્યા છે, જયારે તેમના વિશે ચિંતન મનન કરતા ત્યારે એમના 'ગાંધી' નામનો શબ્દ ઘણું બધું કહી જાય છે. એવો ખ્યાલ આવ્યો એમ કહી વિદ્યાર્થિનીઓને તેમણે 'GANDHI' શબ્દ અંગે જણાવ્યું કે ગાંધીમાં રહેલા સદ્‌ગુણો, કર્મઠ, કર્મશીલ માનસ ધરાવતા, રાષ્ટ્રના ઉધ્ધાર માટે જીવન સમર્પિત કરનાર, વિનમ્રતા, ધીરજ, શાંતિ વગેરે બાબતો એમના નામથી ઘણું બધું સૂચવી જાય છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, ગાંધીજી આજે પણ એટલા જ પ્રસ્તુત છે. એમના વિચારોની જેમ મનથી વિચારશીલ અને ક્રિયાશીલ બનવું જોઈએ.

ત્યારબાદ કુ. પોપટ પૂર્વીએ ગાંધીબાપુને અંજલિ આપતા ગાંધીજીનું પ્રિય ભજન 'વૈષ્ણવજન તો' સૌની સમક્ષ રજુ કર્યું હતું અને અન્ય વિદ્યાર્થિનીઓએ ગાંધીજીના વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે એ અંગેના પોતાના વિચારો રજુ કર્યા હતા. સાથે ગાંધીબાપુના જીવન પર આધારીત દિગ્દર્શિત નાટક 'મહામાનવ' ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. અંતમાં આભારવિધિ અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો.

આ ઉપરાંત, ૦૨-ઓક્ટોબરના રોજ 'સ્વચ્છ ભારત' કાર્યક્રમના ઉપક્રમે મહિલા કોલેજના તમામ વર્ગખંડો, કોલેજ કાર્યાલયો, કેમ્પસમાં આવેલા બગીચાઓ તેમજ આજુબાજુના અન્ય વિસ્તારોની સફાઈ કરી શ્રમદાન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિન્સિપાલશ્રી, અધ્યાપકગણ, વહીવટી સ્ટાફ તેમજ વિદ્યાર્થિનીઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં સૌને કોલેજના એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ, ડૉ. ગીતાબહેન ઉનડકટ, પ્રા. દક્ષાબહેન ચોટાઇ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઇ વિસાણાનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું અને સૌના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડયો હતો.

## ૨) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં જગદંબા ઉપાસના પર્વ નવરાત્રી રાસોત્સવની શાનદાર ઉજવણી કરાઈ :-

પોરબંદર ખાતેની ડો.વી.આર.ગોઢાણિયા મહિલા કોલેજમાં તા. ૦૮-ઓકટોબર-૨૦૧૬ ના રોજ સાંસ્કૃતિક સમિતિ અંતર્ગત રાસોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી જેમાં લગભગ ૫૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉમંગભેર ભાગ લીધો હતો.



કાર્યક્રમનો પ્રારંભ સવારે કોલેજ પ્રાર્થના બાદ શૈક્ષણિક કાર્યના ત્રણ તાસ પૂર્ણ કર્યા પછી ૯:૩૦ વાગ્યે માં જગદંબાની આરતી સાથે કરવામાં આવ્યો જેમાં સંસ્થાના પ્રિન્સિપાલશ્રી ડો. નાગર સાહેબ, પ્રાધ્યાપક ગણ, સહકર્મચારીઓ તથા વિદ્યાર્થિનીઓ જોડાયા હતા. ત્યાર બાદ ૧૨:૧૫ વાગ્યા સુધી વિદ્યાર્થિનીઓ ગીત-સંગીતના તાલ સાથે દાંડીયારાસ અને ગરબાની રમઝટથી ઉત્સાહ સાથે ઝુમી હતી તેમજ તેમની સાથે કોલેજના મહિલા અધ્યાપકો પણ જોડાયા હતા. કાર્યક્રમના અંતે વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલી વિદ્યાર્થિનીઓને પ્રિન્સિપાલશ્રી ડો. નાગર સાહેબ, ડો. ઈલાબહેન થાનકી અને નિર્ણાયકશ્રીઓનાં હસ્તે શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવી જેમાં ટ્રેડીશનલ રાઉન્ડમાં (૧) પ્રિન્સેસ ઓફ કોલેજ - કુ. નેહલ પાણખણીયા (૨) વેલ ડ્રેસ - પ્રથમ કુ. તેજલ થાનકી દ્વિતીય કુ. પરીતા લાખાણી, તૃતિય - કુ. અમી ડાભી (૩) વેલ પ્લેયર પ્રથમ કુ. પ્રતિષ્ઠા રેણુંકા, દ્વિતીય - કુ. ફાલ્ગુની રાવલ, તૃતિય કુ. પૂજા દાસા (૪) નોન ટ્રેડીશનલમાં પ્રથમ કુ. ઝંખના પોસ્તરીયા, દ્વિતીય કુ. શિવાની જુંગી, તૃતિય - કુ. ભાવિષા પરમાર વિજેતા થયા.



સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. કિરણ સોમૈયા તથા કુ.

મિત્તલ મોકરીયાએ કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સાંસ્કૃતિક સમિતિના કન્વીનર શ્રી ડો. ઈલાબહેન થાનકી તથા સભ્યશ્રીઓએ જહેમત ઉઠાવી હતી તેમજ તમામ ખેલૈયાઓને પ્રિન્સિપાલશ્રી ડો. અનુપમ આર. નાગર સાહેબ અને કોલેજ પરિવારે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.

## (૩) ડો. વી.આર.જી મહિલા કોલેજનાં પ્રિન્સિપાલશ્રી ડો. અનુપમ આર. નાગર સાહેબ નેશનલ બિલ્ડર એવોર્ડથી સન્માનિત.

તા.૦૬-૧૦-૨૦૧૬ ના રોજ ડો. વી.આર.જી મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડો. અનુપમ આર. નાગર સાહેબને પોરબંદરના રૂમઝુમ રાસોત્સવ ખાતે શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ નેશનલ બિલ્ડર એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ.



શૈક્ષણિક, સામાજીક, સેવાકીય, આધ્યાત્મિક અને આરોગ્ય ક્ષેત્રે બેનમૂન પ્રવૃતિઓમાં અગ્રેસર એવી ગાંધી સુદામાનગરી, રોટરી કલબ ઓફ રાણાવાવના ઉપક્રમે ૩૫ જેટલા શ્રેષ્ઠીઓને નેશનલ બિલ્ડર એવોર્ડથી સન્માનિત કરાયા હતા ત્યારે ડો. વી.આર.જી કોલેજનાં પ્રિન્સિપાલશ્રી ડો. અનુપમ આર. નાગર સાહેબને જાણીતા ઉદ્યોગપતિ શ્રી પદુભાઈ રાયચુરાના હસ્તે નેશનલ બિલ્ડર એવોર્ડથી નવાજવામાં આવેલ હતા. પ્રિન્સિપાલશ્રી ડો. નાગર સાહેબના સન્માનના આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી વિરમભાઈ ગોઢાણિયા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, ટ્રસ્ટીગણ તેમજ કોલેજ પરિવારના તમામ સભ્યોએ ડો. નાગર સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

## (૪) ડો. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં ECO CLUB દ્વારા પર્યાવરણની પાઠશાળા કાર્યક્રમ યોજાયો.

તા.૨૭-૧૧-૨૦૧૬ ના રોજ ઈકો કલબ અને બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ઓફ પોરબંદરના સહયોગથી પર્યાવરણની જાગૃતતા આવે તે માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

ગોઢાણિયા મહિલા કોલેજ ખાતે ગાંધીનગરના સાહિત્યકાર કનૈયાલાલ ભટ્ટના અધ્યક્ષ સ્થાને પર્યાવરણની પાઠશાળા કાર્યક્રમમાં શ્રી ભરતભાઈ રૂઘાણી દ્વારા સૌપ્રથમ કોલેજનાં પટાંગણમાં પ્રતિકાત્મક રીતે બે છોડનું પ્લાન્ટેશન કરવામાં આવેલ. આ સમયે ઈકો કલબનાં ડો. કેતનભાઈ શાહ તથા ડો. ચેતનાબહેન બેચરા અને એસ.વાય. બી.એસ.સી (હોમ સાયન્સ)ની વિદ્યાર્થિની બહેનો જોડાયેલ.

ત્યાર બાદ આશરે ૫૦૦ વિદ્યાર્થિનીઓથી ખીચોખીચ ભરેલ સેન્ટ્રલ હોલમાં શ્રી ભરતભાઈ રૂઘાણી અને તેમની ટીમનાં સભ્યોએ બર્ડ વિશેનું મહત્ત્વ સમજાવેલ. આપણા દૈનિક જીવન સાથે જોડાયેલ ચકલી, કાગડા, કોયલ, કાબર જેવા સામાન્ય પક્ષીને પણ આજની નવી પેઢી ઓળખી શકતી નથી તે ચિંતા ઉપજાવે તેવી બાબત હોય. વિદ્યાર્થિની બહેનો વધારેમાં વધારે પર્યાવરણીય પ્રવૃતિમાં જોડાઈ પર્યાવરણનું જતન કરવા અપીલ કરેલ. આ કાર્યક્રમ દરમ્યાન ચકલીના માળાઓનું પ્રતીકરૂપે વિતરણ કરવામાં આવેલ તેમજ ચકલીનાં માળા કયાં અને કેમ લગાડવા તેની પણ સમજ વિદ્યાર્થિનીઓને આપેલ.

ઉપરોક્ત કાર્યક્રમનાં આયોજન માટે કોલેજના પ્રિન્સિપાલ ડો. નાગર સાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કરગથરા સાહેબ, ડો. કેતનભાઈ શાહ, ડો. ચેતનાબહેન બેચરા, ડો. કિર્તીબહેન જાની તેમજ બર્ડ કન્ઝર્વેશન સોસાયટીનાં તમામ સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જ જહેમત ઉઠાવેલ.

## (૫) ડો. વી.આર.જી કોલજ ખાતે સત્ર સમાપન મિલન સમારોહ યોજાયો.

ડો. વી.આર.ગોઢાણિયા મહિલા કોલેજ ખાતે સત્ર સમાપન મિલન સમારોહનું આયોજન થયું હતું. જેમાં કોલેજના અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓ તેમજ પ્રિન્સિપાલશ્રી ડો. નાગર સાહેબ ઉપસ્થિત રહીને નૂતન વર્ષે શિક્ષણમાં મંથન કરવાની વિવિધ જરૂરીયાત મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ મિલન સમારંભના અધ્યક્ષ સ્થાને ડો. ઈશ્વરભાઈ ભરડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ યુજીસી, નેકની, વિવિધ ગુણવત્તા સુધારા બાબતે ચર્ચાઓ કરી હતી. સંસ્થાના પ્રમુખશ્રી ડો. વિરમભાઈ ગોઢાણિયા અને એકટીવ ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ ઉપસ્થિત સૌને નૂતનવર્ષની શુભકામના પાઠવી હતી. આ સમારંભમાં ભાસ્કરભાઈ જાની, વાઈસ પ્રિન્સિપાલશ્રી હરિભાઈ કરગથરા, ડો. ચેતનાબહેન બેચરા તેમજ ડો. ઈલાબહેન થાનકીનું અભિવાદન પણ કરવામા આવ્યુ હતું. સમગ્ર મિલન સમારંભનું સંચાલન આઈ.ક્યુ.એસીના કોર્ડીનેટર ડો. ઈલાબહેન થાનકીએ કર્યુ હતું અને આભારવિધિ વાઈસ પ્રિન્સિપાલ શ્રી હરિભાઈ કરગથરાએ કરી હતી.

## (૬) એન.એસ.એસ અંતર્ગત પ્રવૃતિઓ :

★ તા.૦૧-૧૦-૨૦૧૬ ના રોજ ગાંધી જયંતિની ઉજવણી તેમજ સ્વચ્છ ગુજરાત જાગૃત ઝુંબેશ પખવાડિક અંતર્ગત સ્વચ્છતા દિનની ઉજવણી.

★ તા.૦૬-૧૦-૨૦૧૬-શૌચાલય શ્લોગન સ્પર્ધા

★ તા.૧૩-૧૦-૨૦૧૬-'સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ' વિષય પર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેના વિજેતાઓ (૧) ચાવડા ભાવિશા (૨) અપારનાથી એકતા (૩) ઓડેદરા મનીષા

## (૭) લાઈબ્રેરી સમિતિ અંતર્ગત પ્રવૃતિઓ :-

★ તા.૦૭-૧૦-૨૦૧૬ - મનોવિજ્ઞાન વિષયનાં ચાર્ટનું પ્રદર્શન રાખવામાં આવેલ.

## (૮) સપ્તધારા અંતર્ગત પ્રવૃતિઓ :-

### (૧) જ્ઞાનધારા :

★ તા.૨૯-૧૧-૨૦૧૬ ના રોજ બર્ડ કન્ઝર્વેશન સોસાયટીના ઉપક્રમે શ્રી ભરતભાઈ રૂઘાણીનાં અધ્યક્ષ સ્થાને પક્ષી નિરીક્ષણ વિષે સુંદર માહિતી સભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

### (૨) સર્જનાત્મક અભિવ્યક્તિધારા :

★ તા.૦૭-૧૦-૨૦૧૬ નવદુર્ગાનું મહત્ત્વ વિષય પર પ્રા. સુહાગિનીબહેન ગરાસીયાનું વ્યાખ્યાન

★ તા.૩૦-૧૧-૨૦૧૬ ના રોજ સંગીતમાં અનેરી સિધ્ધિઓ પ્રાપ્ત કરનારા રાયપુર એમ.પી. ના સુરનિષ્ણાંત શ્રી શ્યામ જે. સોનીનું સ્વર-તાલ સાથે સંગીત કલા પ્રદર્શન

### (૩) ગીત-સંગીત નૃત્યધારા :

★ તા. ૦૭-૧૦-૨૦૧૬ ના રોજ, નવરાત્રી પર્વ નિમિત્તે વિદ્યાર્થિનીઓ દ્વારા રાસ-ગરબાની રમઝટ બોલાવેલ.

### (૪) ખેલકૂદ વ્યાયામધારા :

★ ખેલકૂદ યોગ વ્યાયામધારા અને રમતગમત વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર યુનિ. આંતરકોલેજ ખોખો સ્પર્ધા અમરેલી મુકામે યોજાયેલ તેમાં ઓડેદરા નિશા રનર્સ અપ બનેલ તેમજ નેશનલ સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. આ ઉપરાંત રાજકોટ મુકામે યોજાયેલ આંતરકોલેજ ક્રિકેટ સ્પર્ધામાં કોલેજ ટીમ રનર્સ અપ બનેલ અને બે વિદ્યાર્થિની બહેનો નેશનલ માટે પસંદગી પામેલ છે. ખેલ મહાકુંભમાં કોલેજની વોલીબોલ, હેન્ડબોલ, ચેસ, બાસ્કેટબોલની ટીમો જીલ્લા કક્ષાએ ચેમ્પીયન બનેલ અને રાજ્ય કક્ષાએ રમવા માટે ગયેલ. અંદાજે બે લાખ જેવી રકમ કોલેજની વિદ્યાર્થિની બહેનોએ ઈનામ તરીકે પ્રાપ્ત કરેલ છે.

★ સુરક્ષાસેતુ અંતર્ગત કરાટે વર્ગનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૩૦૦ વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધેલ. શ્રી કેતનભાઈ કોટીયાની ટીમે આ વર્ગોનું સંચાલન કરેલ.

## (૯) અભ્યાસ વર્તુળ અંતર્ગત પ્રવૃતિઓ :-

### ૧) સમાજશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-

★ તા. ૨૬-૧૧-૨૦૧૬ ના રોજ, પોરબંદર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સહયોગથી ''બંધારણ દિવસ''ની ઉજવણી કરવામાં આવી જેમાં

(૧) એડવોકેટ જયેશભાઈ લોઢીયા - માનવીના મૂળભૂત હક્કો

(૨) એડવોકેટ પરેશભાઈ ચાવડા - સીનીયર સીટીઝન એક્ટ

(૩) એડવોકેટશ્રી મહેશભાઈ નાંઢા - સ્ત્રીઓના કાનૂની હક્કો અને

(૪) સામાજિક કાર્યકર શ્રી વિરમભાઈ પરમારે 'સંવિધાન' વિશે સામાન્ય સમજ અંગે વક્તવ્ય આપ્યું હતું.

આ કાર્યક્રમમાં કુ. પરમાર પાયલ (બી.એ. સેમ.-૪) એ 'બંધારણના આમુખ' નું વાંચન કર્યુ હતું અને કુ. ચરડવા કૃપા (બી.કોમ, સેમ.-૬, અંગ્રેજી માધ્યમ) એ બંધારણની વિશિષ્ટતાઓ રજુ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. કિર્તીબહેન જાનીએ કર્યુ હતું તથા આભારવિધિ ડો. સુલભાબહેન દેવપુરકર એ કરી હતી, સમગ્ર કાર્યક્રમમાં ૨૫૦ થી વધુ વિદ્યાર્થિનીઓએ હાજરી આપી હતી.

### ૨) કોમર્સ (અંગ્રેજી માધ્યમ) અભ્યાસ વર્તુળ :-

**Department of Commerce (English Medium) Report**

**1-01-2016 NGO VISIT :-**

The students who had enrolled themselves in the HRM basic course were taken to an NGO "Samprat Education & Charitable Trust" Junagadh.

**PRELIM. EXAMS :**

Prelims Exam was conducted from 24 to 28 November, 2016.

## (૧૦) વર્ષગાંઠ અભિનંદન

પ્રસ્તુત અંકમાં ડિસેમ્બર'૧૬-જાન્યુઆરી'૧૭ માં જેમની વર્ષગાંઠ આવી રહી છે તેમની વર્ષગાંઠની શુભકામનાઓ પાઠવતાં 'જ્યોતિર્ગમય' ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

૧) ડિસેમ્બર-૨૦૧૬ :-

તા. ૦૪ ડિસેમ્બર - આદરણીય ટ્રસ્ટી શ્રીમતી જયશ્રીબહેન વી. ગોઢાણિયા

તા. ૦૧ ડિસેમ્બર - શ્રી હરિલાલ પી. કરગથરા

તા. ૨૧ ડિસેમ્બર - પ્રા. દક્ષાબહેન એ. ચોટાઈ

તા. ૦૮ ડિસેમ્બર - પ્રા. ભાવિકા વી. ગોહેલ

૨) જાન્યુઆરી-૨૦૧૭ :-

તા. ૦૪ જાન્યુઆરી -ડો. ગીતાબહેન એ. ઉનડકટ

તા. ૨૯ જાન્યુઆરી -શ્રી સુનીતાબહેન પોપટ

ઉપરોક્ત તમામ સભ્યોને તેમની વર્ષગાંઠ નિમિતે ડો. વી.આર.ગોઢાણિયા મહિલા કોલેજ પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન સાથે ભાવિ પ્રગતિ માટે શુભકામનાઓ......

## (૧૧) ટીચર્સ કોર્નર :-

શ્રીમદ્ ભગવદ્ગીતા એ મનુષ્ય માત્રની અકળામણનું સાચું દર્શન છે. ગીતામાં જીવનનાં દરેકે દરેક પાસાને વણી લેવામાં આવ્યા છે. મનુષ્યમાત્રના તમામ સવાલોનો ઉત્તર માત્ર ગીતાજ્ઞાન છે તેવું કહેવામાં લેશ માત્ર અતિશયોક્તિ નથી. ગીતાનો એક એક શ્લોક જીવન વિકાસના પંથે, કલ્યાણના પંથે અને મનુષ્યમાત્રના અંતિમ લક્ષ્ય મોક્ષના પંથે પહોંચતા પૂર્વેના પથદર્શક જેવો - માઈલસ્ટોનની ગરજ સારે એવો છે.

સંસ્કૃત વિભાગ

ડો. ગીતાબહેન ઉનડકટ

''ગીતાજી'' એ એક અણમોલ હીરો છે, એના જેટલા પાસા તપાસીએ તેટલી જ એની નવી ચમક વધારે આકર્ષે.''

સંસ્કૃત વિભાગ
પ્રા. વર્ષાબહેન બી. જોષી

સાહિત્ય વ્યક્તિને જીવનમાં એક એવો ખૂણો આપે છે જેમાં કોઈપણ મુશ્કેલી આવે, ઝંઝાવાત આવે ત્યારે આશ્રય લઈ શકાય. સંસારના પ્રખર બુધ્ધિશાળી લોકો પોતાના જીવનનાં અદ્દભૂત સારા-નરસા અનુભવોનો નિચોડ તેમાં આપે છે. ઉત્તમ પુસ્તકોનું વાંચન આપણને એક સામાન્ય જીવનમાં મળી શકે તે કરતા ઘણું વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય છે. સાચે જ પુસ્તકો માનવના શ્રેષ્ઠ મિત્રો છે.

ડો. સુલભાબહેન દેવપુરકર (અંગ્રેજી વિભાગ)

(1) Education is learning what you didn't even know you didn't know

- Edited by Kiran Gosai

(2) It is the mark of an educated mind to be able to entertain a thought without accepting it.

- Edited by Satish Keshwala

(3) The purpose of education is to turn mirrors into windows

- Monika Gadhwana

## (૧૨) સ્ટુડન્ટ કોર્નર :-

'' દેશપ્રેમ ''

જેની સુવાસ અંગમાંથી નીકળતી નથી,
એવી દેશ પ્રત્યેની લાગણી અનુભવાય છે.

મા ના ઋણ ક્યારેય ભૂલી શકાતા નથી,
ઉપકારોમાંથી છૂટવું મુશ્કેલ બની જાય છે.

યુવાનો તો ઘણા છે હિન્દુસ્તાનમાં
પણ, સૈનિકો પ્રત્યે શૂરવીરની લાગણી અનુભવાય છે.

દિવસો તો ઘણા આવે છે જીવનમાં,
અમૂલ્ય છે ''પ્રજાસત્તાક દિન'' ભારતવર્ષમાં

-પુરોહિત જસ્મીન એસ. (ટી.વાય.બી.કોમ.)

'' ગીતાજ્ઞાન ''

ભગવાનની જેમાં વાણી છે,
એવી ગીતાજીની કહાની છે.
જાણનારનાં જીવનનો ઉધ્ધાર છે.
અજાણનાં જીવનનાં અંધકાર છે.
સમસ્યાઓનું જયાં સમાધાન છે.
જીવનનાં અમૃતરૂપી જેમાં વિધાન છે.
કર્મનો જેમાં સિધ્ધાંત છે.
મુક્તિનો જેમા આધાર છે.
એવું શ્રીમદ્દ ભાગવદ્દનું અનેરૂ જ્ઞાન છે.

- મોઢવાડિયા વનિતા કે.
(ટી.વાય.બી.એ.-સંસ્કૃત)



### आया पतंग का त्योहार

मौसम आज पतंगो का है
नभ मे राज पतंगो का है।
इन्द्रधनुष के रंगो का है
मौसम नई उमंगो का है।।

निकले सब ले डोर पतंग
सुंदर सी चौकर पंतगे।
उडा रहे कर शोर पतंगे
देखो चारो और पतंग।।

उड पतंग बस्ती बस्ती
कोई महंगी कोई सस्ती ।
पर न किसी मे फुटपरसती
उडा उडा सब लेते मस्ती।।

चली डोर पर बैठ पतंगे
हठापतीसी ऐंठ पतंगे।
नभ में कर घुसपैठ पतंगे
कर परस्पर भट पतंगे।।

हर टोली ले खडी पतंगे
कुछ छोटी कछ बडी पतंगे।
आसमान में उडी पतंगे
पैच लडाने बढी पतंगे।।

कुछ के छक्के छूट रहे है
कुछ के दौरे टूट रहे है।
कुछ लंगी ले दोड रहे है
कटी पतंगे लूट रहे है।।

– ओडेदरा निशा जे.टी.वाय.बी.ए.



**(૧૩) પ્રિન્સિપાલશ્રીની કલમે :–**

**My Dear students,**

Cleanliness is a way of life. It is important that all of us join hands in this national enterprise to rid ourselves of all forms of uncleanliness. Rabindranath Tagore often used to say that a healthy mind can only be housed in a healthy body. And a healthy mind is a consequence of a clean body, a clean mind and a clean spirit.

Make a resolution today to keep yourself clean in body, mind and spirit and if every student goes about actually practicing this ideology of physical-mental-emotional and spiritual cleanliness, I am more than sure, the world would be a much better place to live in. Come let us make our College clean and make it a genuine center of learning. Jai Hind.

## (૧૪) તંત્રી સ્થાનેથી

ભગવાન શ્રીકૃષ્ણની પ્રસાદીરૂપ શ્રીમદ્ ભગવદ્‌ગીતા પ્રત્યેક ઘરમાં હોવી અત્યંત આવશ્યક છે. તેમાં પ્રતિપાદન કરેલા સિધ્ધાંતોને અનૂકુળ કર્મ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. ગીતામાનો કયો મંત્ર પોતાને માટે છે તે અભ્યાસીઓએ પોતે ધ્યેય તરીકે રાખવો જોઈએ. આખી ગીતાનાં સિધ્ધાંતો આચરણમાં ન મુકાય તો કાંઈ નહીં, પણ નિદાન એક મંત્રને તો આચરણમાં લાવવા મનુષ્યે પ્રયત્ન કરવો જ જોઈએ અને તેમ થાય તો જ ગીતાજયંતીનાં દિવસે તેણે ગીતાની ખરી પૂજા કરી ગણાય. આપણી ઉન્નતિ માટે ગીતા સિવાય બીજા કોઈ શિક્ષક કે માર્ગદર્શનની આવશ્યકતા નથી.

પ્રા. વર્ષા બી. જોષી.



**મુખ્ય સંપાદક : ડૉ. અનુપમ આર. નાગર**

**ડૉ. રેખાબહેન મોઢા** | **પ્રા. વર્ષા બી જોષી**
**શ્રી કલ્પનાબહેન જોષી** | **પ્રા. ઋષિભાઈ પંડયા**
**પ્રા. ભરતસિંહ ડોડિયા** | **શ્રી સુરેશભાઈ બી. ગોરસીયા**